/

નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની રાજ્ય, જિલ્લા અને ઘટક કક્ષાની જગ્યાઓ આઉટસોર્સથી ભરવા બાબત.

ગુજરાત સરકાર
મહિલા અને બાળ વિકાસ વિભાગ
ઠરાવ ક્રમાંકઃઆઇસીડી/૧૦૨૦૨૧/૫૧૩/બ-૧
સચિવાલય ગાંધીનગર
તા.૦૯/૦૪/૨૦૨૧

**વંચાણે લીધાઃ-**

(1) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૦૨૦૧૮/૧૨૩૨/બ-૧, તા.૧૯/૦૭/૨૦૧૮.

(2) મહિલા અને બાળ વિકાસ વિભાગનો ઠરાવ ક્રમાંક:આઈસીડી/૧૧૨૦૧૯/૧૬/બ, તા.૧૯/૦૭/૨૦૧૮.

**આમુખ**

વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની રાજ્ય કક્ષાની ૧૫ જગ્યાઓ, જિલ્લા કક્ષાની ૫૨ જગ્યાઓ અને ઘટક કક્ષાની ૫૫૦ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. વંચાણે લીધા ક્રમાંક (૨) પરના ઠરાવથી નેશનલ ન્યુટ્રીશન મિશન (NNM) હેઠળની જિલ્લા કક્ષાની ૧૪ જગ્યાઓ અને ઘટક કક્ષાની ૧૨૨ જગ્યાઓને આઉટસોર્સથી ભરવાની મંજૂરી આપવામાં આવેલ હતી. આ જગ્યાઓની આઉટસોર્સની સેવા ભારત સરકારશ્રીની મંજૂરીની અપેક્ષાએ વધુ એક માસ લંબાવવાની બાબત વિચારણા હેઠળ હતી. પુખ્ત વિચારણાને અંતે નીચે મુજબ ઠરાવવામાં આવે છે.

//ઠરાવ//

NNM હેઠળની નીચે મુજબની રાજ્ય કક્ષાની ૧૫ જગ્યાઓ, જિલ્લા કક્ષાની ૬૬ જગ્યાઓ અને ઘટક કક્ષાની ૬૭૨ જગ્યાઓની આઉટસોર્સીંગની મુદત વધુ એક માસ એટલે કે તા.૩0/0૪/૨૦૨૧ સુધી લંબાવવાની મંજૂરી આપવામાં આવે છે:

1. રાજ્ય કક્ષાની જગ્યાઓ:

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ વેતન (રૂ.) |
|---|---|---|---|
| ૧ | કન્સલ્ટન્ટ | ૫ | ૬૦,૦૦૦ |
| ૨ | એકાઉન્ટન્ટ | ૩ | ૩૦,૦૦૦ |
| ૩ | પ્રોજેક્ટ એસોસીયેટ | ૩ | ૨૫,૦૦૦ |
| ૪ | સેક્રેટરી આસીસ્ટન્ટ/ડીઈઓ | ૨ | ૧૫,૦૦૦ |
| ૫ | ઓફીસ મેસેન્જર/પ્યુન | ૨ | ૮,૦૦૦ |
| | કુલ | ૧૫ | |

2. જિલ્લા કક્ષાની જગ્યાઓ:

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ વેતન (રૂ.) |
|---|---|---|---|
| ૧ | ડીસ્ટ્રીક્ટ કો-ઓર્ડીનેટર | ૩૩ | ૩૦૦૦૦ |
| ૨ | ડીસ્ટ્રીક્ટ પ્રોજેક્ટ આસીસ્ટન્ટ | ૩૩ | ૧૮૦૦૦ |
| | કુલ | ૬૬ | |

3. બ્લોક કક્ષાની જગ્યાઓ:

| ક્રમ | જગ્યાનું નામ | કુલ જગ્યા | માસિક ફિક્સ વેતન (રૂ.) |
|---|---|---|---|
| ૧ | બ્લોક કો-ઓર્ડીનેટર | ૩૩૬ | ૨૦૦૦૦ |
| ૨ | બ્લોક પ્રોજેક્ટ આસીસ્ટન્ટ | ૩૩૬ | ૧૫૦૦૦ |
| | કુલ | ૬૭૨ | |

૨/- હાલ આ મહેકમનો ખર્ચ રૂ.૧૬૬.૬૧ લાખ રાજ્યફાળામાંથી કરવા અને જો ભારત સરકાર દ્વારા મંજૂરી મળે તો ૮૦:૨૦ના રેશિયો મુજબ આ ખર્ચને ભારત સરકારની ગ્રાંટમાંથી સરભર કરવાનો રહેશે.

૩/- એપ્રિલ-૨૦૨૧ દરમિયાન ભારત સરકારની મંજૂરી ન મળવાની સ્થિતિમાં ઉક્ત તમામ કર્મચારીઓને તા.૩૦/૦૪/૨૦૨૧ પછી તાત્કાલિક છૂટા કરવાના રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણાં વિભાગની તા.૦૯/૦૪/૨૦૨૧ની નોધ પર મળેલ મંજુરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(ચૈતન્ય નિમાવત)
નાયબ સચિવ
મહિલા અને બાળ વિકાસ વિભાગ

પ્રતિ,

1. સચિવશ્રી (ખર્ચ), નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
2. કમિશ્નરશ્રી, મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
3. નિયામકશ્રી (આઇસીડીએસ), કમિશ્નરશ્રી મહિલા અને બાળ વિકાસની કચેરી, બ્લોકનં.૨૦, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
4. નાણા સલાહકારશ્રી, મહિલા અને બાળ વિકાસ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
5. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.......................
6. વિભાગીય નાયબ નિયામકશ્રી, અમદાવાદ/વડોદરા/સુરત/રાજકોટ.
7. પ્રોગ્રામ અધિકારીશ્રી, જિલ્લા પંચાયત કચેરી, જિ.......................
8. એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ.
9. પગાર અને હિસાબી અધિકારીશ્રીની કચેરી, ગાંધીનગર/અમદાવાદ.
10. નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.
11. નાયબ સેકશન અધિકારીશ્રીની સિલેકટ ફાઇલ.
12. શાખા સિલેક્ટ ફાઇલ.